Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# : કાર્યવાહી :

બોર્ડ ઓફ મેનેજમેન્ટની તાકીદની સભા, સોમવાર, તા.૦૫–૦૨–૨૦૨૪ના રોજ બપોરેઃ ૦૨–૨૦ કલાકે ઓફલાઈન/ઓનલાઈન રૂમ નંબર ૧૦૧૩૩ સભાખંડ,વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમિતિખંડમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| **ક્રમ** | **સભ્યોના નામ** | **હાજરી** |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૩. | ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૪. | VACANT | — |
| ૫. | VACANT | — |
| ૬. | VACANT | — |
| ૭. | ડૉ. મનીષા મનીષ પાનવાલા | હાજર |
| ૮. | ડૉ. જયદીપકુમાર નસવાનભાઈ ચૌધરી | ઓનલાઈન હાજર |
| ૯. | VACANT | — |
| ૧૦. | VACANT | — |
| ૧૧. | શ્રી અમીત ગજ્જર | ઓનલાઈન હાજર |
| ૧૨. | શ્રી લક્ષ્મણભાઈ આહિર | હાજર |
| ૧૩. | અરૂંધતી જે. દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૧૪. | VACANT | — |
| ૧૫. | VACANT | — |
| ૧૬. | VACANT | — |
| ૧૭. | VACANT | — |
| ૧૮. | ડૉ. રમેશદાન ચંડીદાન ગઢવી (કુલસચિવશ્રી) | હાજર |

૧. શ્રી સહકાર એજયુકેશન ટ્રસ્ટ, સુરતના પ્રમુખશ્રીએ તા.૦૭–૧૨–૨૦૨૩નો પત્ર ક્રમાંક : **SET/SDCET/ 2023/ 8374** થી ટ્રસ્ટ સંચાલિત શ્રી ધનવંન્તરી કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતનું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી **(GTU)** સાથે જોડાણ ધરાવતી હોય, સદર ટ્રસ્ટની તા.૦૯–૧૧–૨૦૨૩ના રોજ મળેલ સભામાં શ્રી ધનવંન્તરી કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી નવો **M.Sc. Integrated(I.T)** અભ્યાસક્રમનું નવું જોડાણ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી **(GTU)** સાથે કરવા ઠરાવેલ છે. યુનિવર્સિટીના **O.66** ની નીચે મુજબની માર્ગદર્શિકા ધ્યાને લેતા યુનિવર્સિટી વિસ્તારમાં અન્ય યુનિવર્સિટી સાથે સંલગ્નતા મેળવવા સારૂ અત્રેની યુનિવર્સિટીનું **No Objection Certificate** જરૂરી હોય, શ્રી સહકાર એજયુકેશન ટ્રસ્ટ, સંચાલિત શ્રી ધનવંન્તરી કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કાર્યક્ષેત્રમાં આવતી હોય, તેથી સદર કોલેજ દ્વારા **M.Sc.Integrated(I.T)** અભ્યાસક્રમનું જોડાણ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી **(GTU)** સાથે મેળવવા સારૂ તા.૨૦–૦૧–૨૦૨૪ના રોજ રસીદ નંબર : ૨૭૧૦૫ થી રૂા.૧૦૦,૦૦૦/– જમા કરાવેલ છે. જે ધ્યાને લઈ સદરહું ટ્રસ્ટ સંચાલિત કોલેજની **M.Sc.Integrated(I.T)** અભ્યાસક્રમ શરૂ કરવા **No Objection Certificate** આપવા અંગે સમિતિ નિયુકત કરવા વિચારણા કરવા બાબત....

- યુનિવર્સિટીના **O.66 (3) (A)** અને **O.66 (3) (B)** થી જે તે ટ્રસ્ટ / કોલેજોને **No Objection Certificate** આપવા માટે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**O.66(3)(A)**

A Society or trust registered under relevant act, situated outside the geographical area of the V.N.S.G.U., can apply in the prescribed form, for N.O.C. for starting any institution for a particular course, on production of an N.O.C. from the statutory University to which it is affiliated or in whose geographical area, the trust or society is situated and on payment of presctribed fees which will be as under.

1. For non professional courses Rs.50,000/-
2. For professional courses Rs.1,00,000/-

In recent times many institutions appeared to University for N.O.C. to start various courses affiliated with University other than V.N.S.G.U. Surat Syndicate formed a committee to recommend in the matter

The Committee after giving a serious thought in this regards suggests as under :

1. The Isntitute must apply in prescribed form (annexure-A)
2. Syndicate may consider the application and after the varification may give / allow NOC for a particular course for definite period not exceeding five years.
3. The Institute has to undergo due inquiry for re-validification after five years as stipulated in advance.
4. It is to be noted that the NOC is for particular course and for particular period.

**O.66(3) (B)**

A society or trust registred under relevant act, situated in the geographical area of the V.N.S.G.U. can apply in the prescribed form, for No Objection Certificate (N.O.C.) for applying for affiliation for a particular course, (Whether initiated by the University (V.N.S.G.U.) or not) to any other statutory University.

The University Syndicate will have the discretion to grant or reject N.O.C. on the basis of various parameters, which it may deem fit, The letter of N.O.C. can be issued only on payment of Fees prescribed below :

| For Faculties | Rs. |
|---|---|
| Arts, Commerce (General Course) | 50,000/- |
| Faculties of Education & Law | 75,000/- |
| Faculties of Science (Vocational/Professional Courses) Management and courses paramedical courses | 1,00,000/- |
| Faculty of Medicine : Allopathy | 5,00,000/- |
| Other Systems | 3,00,000/- |

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સહકાર એજયુકેશન ટ્રસ્ટ, સુરતના પ્રમુખશ્રીએ તા.૦૭–૧૨–૨૦૨૩નો પત્ર ક્રમાંક : SET/SDCET/ 2023/ 8374 થી ટ્રસ્ટ સંચાલિત શ્રી ધનવંન્તરી કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતનું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) સાથે જોડાણ ધરાવતી હોય, સદર ટ્રસ્ટની તા.૦૯–૧૧–૨૦૨૩ના રોજ મળેલ સભામાં શ્રી ધનવંન્તરી કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી નવો M.Sc. Integrated(I.T) અભ્યાસક્રમનું નવું જોડાણ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) સાથે કરવા ઠરાવેલ છે. યુનિવર્સિટીના O.66 ની ઉપર મુજબની માર્ગદર્શિકા ધ્યાને લેતા યુનિવર્સિટી વિસ્તારમાં અન્ય યુનિવર્સિટી સાથે સંલગ્નતા મેળવવા સારૂ અત્રેની યુનિવર્સિટીનું No Objection Certificate જરૂરી હોય, શ્રી સહકાર એજયુકેશન ટ્રસ્ટ, સંચાલિત શ્રી ધનવં ન્તરી કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કાર્યક્ષેત્રમાં આવતી હોય, તેથી સદર કોલેજ દ્વારા M.Sc.Integrated(I.T) અભ્યાસક્રમનું જોડાણ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) સાથે મેળવવા સારૂ તા.૨૦–૦૧–૨૦૨૪ના રોજ રસીદ નંબર : ૨૭૧૦૫ થી રૂા.૧૦૦,૦૦૦/– જમા કરાવેલ છે. જે ધ્યાને લઈ સદરહું ટ્રસ્ટ સંચાલિત કોલેજની M.Sc.Integrated (I.T) અભ્યાસક્રમ શરૂ કરવા ધારાધોરણ મુજબ No Objection Certificate આપવું.**

૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી મેનેજમેન્ટ સિસ્ટમ પૂરી પાડવા માટે કાર્યાલયના પત્રાંક : જન/ERP/11956/2017, તા.04/07/2017 થી Guj Info Petro Limited, Gandhinagar વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે અન્વયે GIPL ની બાકી રહેલ કુલ રકમ Rs.37,14,688/- ચૂકવણી અંગે સિન્ડિકેટની તા.07/11/2023 ની સભાના ઠરાવ ક્રમાંકઃ 127 ના ઠરાવ્યાનુસાર તા.10/11/2023 ના રોજ Rs.20,00,000/- ચૂકવણી કરવા હિસાબી વિભાગને પત્રાંકઃ જન/ GIPL/29041/2023 ,તા. 10/11/2023 થી જણાવેલ છે. જેથી GIPL ને કુલ રકમ Rs.17,14,688/- ચૂકવણી કરવાની બાકી રહે છે.

વધુમાં, સિન્ડકેટની તા.07/11/2023 ની સભાના ઠરાવ ક્રમાંક :127 માં ઠરાવ્યાનુસાર Guj Info Petro Limited, Gandhinagar ને આપેલ હાલની યુનિવર્સિટી મેનેજમેન્ટ સિસ્ટમની જવાબદારી અંગે વૈકલ્પિક વ્યવસ્થા જયાં સુધી ના ગોઠવાય અને તે અંગેનો વર્ક ઓર્ડર આપવામાં ન આવે ત્યાં સુધી તેઓ સાથે હાલની વ્યવસ્થા ચાલુ રાખવામાં આવેલ છે તેમજ કાર્યાલયની તા. 05/12/2023 ની નોધ અંતર્ગત GIPL ના પત્રાંકઃ GIPL/CEO/VNSGU/Aug23/746, તા.17/08/2023 માં દર્શાવ્યા મુજબ રૂ.26+ GST(In Rs. Per Student Per Exam) નો ભાવ મંજૂર કરવામાં આવેલ છે. જે અંતર્ગત GIPL દ્વારા Software As Service (SaaS) (Software for University management System, UMS-EP on SaaS Model with, Hosting Services as per existing, Scope and Modules: AY-2023-24 1st Sem, Student Count -357540: 01/04/2023 to 30/11/23,Rs. 26/- Per Student Per Exam, Rs.92,96,040/- નું GIPL દ્વારા બિલ નંબર INV220230539 રૂ.,Dt. 28/12/2023 થી Rs. 1,09,69,327.00/- (CGST/SGST) સહિતનું બિલ રજૂ કરેલ છે.

જેથી GIPL એ રજૂ કરેલ બીલની રકમ Rs. 1,09,69,327/- અને બાકી રહેલ Rs. 17,14,688/– આમ કુલ રકમ (1,09,69,327 +17,14,688) Rs.1,26,84,015/- GIPL ને ચુકવણી અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, GIPL એ રજૂ કરેલ બીલની રકમ Rs. 1,09,69,327/- અને બાકી રહેલ Rs.17,14,688/– આમ કુલ રકમ (1,09,69,327+17,14,688) Rs.1,26,84,015/- ની GIPL ને ચુકવણી કરવી.**

૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી મેનેજમેંટ સિસ્ટમ પૂરી પાડવા માટે કાર્યાલયના પત્રાંક : જન/ERP/૧૧૯૫૬/૨૦૧૭, તા.૦૪/૦૭/૨૦૧૭ થી આપને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જે અન્વયે સિન્ડકેટની તા.૦૭/૧૧/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક :૧૨૭ માં ઠરાવ્યાનુસાર Guj Info Petro Limited, Gandhinagar આપેલ હાલની યુનિવર્સિટી મેનેજમેન્ટ સિસ્ટમની જવાબદારી અંગે વૈકલ્પિક વ્યવસ્થા જયાં સુધીના ગોઠવાય અને તે અંગેનો વર્ક ઓર્ડર આપવામાં ન આવે ત્યાં સુધી Guj Info Petro Limited, Gandhinagar સાથે હાલની વ્યવસ્થા ચાલુ રાખવામાં આવે છે. જે અન્વયે તા.04/12/2023 ના રોજ ની સમિતિ ની સભામાં સમિતિ ના સભ્યો એ સર્વાનુમતે રજૂ કરેલ અહેવાલ અન્વયે Guj Info Petro Limited, Gandhinagar ના પત્રાંક: GIPL/CEO/VNSGU/Aug23/746 4તા.17/08/2023માં દર્શાવ્યા મુજબ નીચે મુજબ ના ભાવ મંજૂર કરવા ભલામણ કરેલ છે. જે મુજબ Guj Info Petro Limited, Gandhinagar ને નવા ભાવ મુજબ પત્ર પાઠવવાનું રાખીએ.

| Sr No. | Particulars | Amount (In Rs. Per Student Per exam) |
|---|---|---|
| 1 | UMS-ERP on SaaS Model with hosting services as per existing scope & modules for actual students count per exam. | 26.00/- + GST |

Note: Terms and condition as per order given earlier.

ઉપરોક્ત બાબત અંગે મા.કુલપતિશ્રીએ લીધેલ નિર્ણય / પગલાની નોંધ લેવા જાણ સારૂ.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

## <u>અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતો.</u>

૪. શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪–૨૫ ની પ્રવેશની કાર્યવાહી(GCAS)અતર્ગત ૧૫– ફેબ્રુઆરી સુધીમાં શરૂ થવાની જાણ માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ હોય, શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪–૨૫ ની ચાલુ જોડાણની અરજી વિભાગને મળેલ હોય, (GCAS) ને જે કોલેજના જોડાણની મંજુરી આપવામાં આવેલ હોય, તેની માહિતી આપવા સારું વિભાગની તા.૬–૧–૨૦૨૪ ની નોંધ પર માનનીય કુલપતિશ્રી દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૪ મુજબ એલ.આઈ.સી. નિયુકત કરવાના આદેશ મુજબ કરેલ કાર્યવાહીની જાણ કરવા સારું.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪–૨૫ ની પ્રવેશની કાર્યવાહી (GCAS) અતર્ગત ૧૫– ફેબ્રુઆરી સુધીમાં શરૂ થવાની જાણ માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ હોય, શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪–૨૫ ની ચાલુ જોડાણની અરજી વિભાગને મળેલ હોય, (GCAS) ને જે કોલેજના જોડાણની મંજુરી આપવામાં આવેલ હોય, તેની માહિતી આપવા સારું વિભાગની તા.૬–૧–૨૦૨૪ ની નોંધ પર માનનીય કુલપતિશ્રી દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૪ મુજબ એલ.આઈ.સી. નિયુકત કરવાના આદેશ મુજબ કરેલ કાર્યવાહીની નોંધ લેવામાં આવે છે.**

૫. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૫–૧૦–૨૦૨૩ ક્રમાંક : GH/SH/34/GCU/2023/470/KH-1 જાહેરનામાથી ગુજરાત રાજયની ૧૧ યુનિવર્સિટીઓમાં "ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ–૨૦૨૩" તા.૯–૧૦–૨૦૨૩ ના રોજથી અમલમાં આવેલ છે. જેનો યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્રાંક : S/GPUA/26208/2003, તા.૦૯–૧૦–૨૦૨૩ થી અમલ કરવામાં આવેલ છે. જે સંદર્ભે કે.સી.જી. ના તા.૩૧–૦૧–૨૦૨૪ ના પત્રાંક : કેસીજી/લીગલ/૨૦૨૩–૨૪/૨૫૭૮ થી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ–૨૦૨૩ ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂર કરી તા.૫–૦૨–૨૦૨૪ સુધીમાં અચૂક મોકલી આપવા બાબતના પત્ર અન્વયે રજૂ કરેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસમાં કોઈ સુધારા વધારા કરવા અંગે સ્પેશયલ સમિતિ પર મા.કુલપતિશ્રીએ નીચે મુજબના સભ્યોની કરેલ નિયુકિતની નોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૦૩–૦૨–૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : ૧૪ થી લેવામાં આવેલ હતી. જે સમિતિમાં સભ્યોના નામ ઉમેરવા વિચારણા કરવા બાબત.

(૧) ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ (સભ્યશ્રી–બોર્ડ ઓફ મેનેજમેન્ટ)

(૨) ડો. કેતનભાઈ દેસાઈ (સભ્યશ્રી–એકિઝકયુટીવ કાઉન્સિલ)

(૩) ડો. અર્પિત દવે (કોલેજ પ્રાધ્યાપક, શ્રી જે.એસ. ભકતા એન્ડ શ્રી કે.એમ. આર્ટસ એન્ડ શ્રી એ.એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન.એફ. શાહ કોમર્સ કોલેજ, ખોલવડ, જિ.સુરત)

(૪) ડો. વિજય જોષી (કોલેજ આચાર્ય, એમ.કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ)

(૫) ડો. આર.સી. ગઢવી (સભ્ય સચિવ)

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત સમિતિમાં (૧) ડૉ.અપૂર્વ દેસાઈ અને (૨) ડૉ.પૃથુલ દેસાઈનો સમાવેશ કરવો.**

૬. કે.સી.જી.ના તા.૩૧–૦૧–૨૦૨૪ના પત્ર ક્રમાંક : કેસીજી/લીગલ/૨૦૨૩–૨૪/૨૫૭૮થી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ – ૨૦૨૩ ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટ્સ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂર કરી તા.૦૫/૦૨/૨૦૨૪ સુધીમાં અચૂક મોકલી આપવા બાબતના પત્ર અન્વયે રજૂ કરેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટ્સ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સેનેટ/ સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કે.સી.જી.ના તા.૩૧–૦૧–૨૦૨૪ના પત્ર ક્રમાંક : કેસીજી/લીગલ/૨૦૨૩–૨૪/૨૫૭૮થી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ – ૨૦૨૩ ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટ્સ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂર કરી તા.૦૫/૦૨/૨૦૨૪ સુધીમાં અચૂક મોકલી આપવા બાબતના પત્ર અન્વયે રજૂ કરેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટ્સમાં સુધારા વધારા સુચવવા માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા નિયુકત સમિતિ જે સુધારા વધારા સુચવશે તે સુધારા વધારાને આધિન યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટ્સ મંજૂર કરવામાં આવે છે.**

૭. નાણાંકીય વર્ષ : ૨૦૨૪–૨૫ નું યુનિવર્સિટીનું બજેટ તૈયાર કરવા વિચારણા કરવા બાબત.

(હિસાબી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નાણાંકીય વર્ષ : ૨૦૨૪–૨૫ નું યુનિવર્સિટીનું બજેટ તૈયાર કરવા નીચે મુજબના સભ્યોની સમિતિ પર નિયુકિત કરવી.**
**(૧) ડૉ. કે. સી. દેસાઈ (૨) ડૉ.મનીષા પાનવાલા (૩) ડૉ.ગૌરાંગ રામી (૪) શ્રી સંજયભાઈ લાપસીવાલા (૫) ડૉ.કશ્યપસિંહ ખરચીયા (૬) CA ગૌરવ વી.કે. સીંઘવી (૭) ડૉ.જાનકી મિસ્ત્રી (૮) ડૉ.મિતલ ઉપાધ્યાય**

૮. યુનિવર્સિટીનું મુખ્ય વહીવટી ભવન અને સમગ્ર પરિસરની સુરક્ષા અને સલામતિ સંદર્ભે વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનું મુખ્ય વહીવટી ભવન અને સમગ્ર પરિસરની સુરક્ષા અને સલામતિ ખુબજ આવશ્યક હોવાથી મુખ્ય વહીવટી ભવનની સુરક્ષા અર્થે નીચે ખુલ્લી જગ્યાને બંધ કરવી તે અર્થે દરવાજો, જાળી વગેરે બનાવવી અને સમગ્ર પરિસરની આ પ્રકારની સુરક્ષા અને સલામતિ અર્થે નાણાંકીય / ખર્ચ સહિતની તમામ કાર્યવાહી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૯. ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ ૨૦૨૩ અંતર્ગત નવા સ્ટેચ્યુટ અને નવા ઓર્ડીનન્સનો અમલ થાય ત્યાં સુધી યુનિવર્સિટીની વહીવટી, શૈક્ષણિક અને નાણાંકીય બાબતો/ કામગીરી ખોરંભાય નહી અને સુચારૂરૂપે ચાલે તે અંગે વિચારણા કરવા બાબત.

(તમામ વિભાગો)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ ૨૦૨૩ અંતર્ગત નવા સ્ટેચ્યુટ અને નવા ઓર્ડીનન્સનો અમલ થાય ત્યાં સુધી યુનિવર્સિટીની વહીવટી, શૈક્ષણિક, નાણાંકીય, બાંધકામ, ખરીદી, મરામત વગેરે બાબતો/કામગીરી ખોરંભાય નહીં અને સુચારૂરૂપે ચાલે તે માટે પ્રવર્તમાન તમામ સમિતિઓ/ સેલ/ કાઉન્સિલ/ બોર્ડ / સત્તામંડળો (સેનેટ અને સિન્ડિકેટ સિવાય) વગેરે યથાવત રાખવા અને તે સંદર્ભે આગળની તમામ ઘટતી કાર્યવાહી માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૧૦. ભારતીય વિચારમંચ, ગુજરાત દ્વારા ' ઉદીયમાન  ભારત ' અંતર્ગત પ્રકાશિત થનાર સ્મૃતિગ્રંથમાં આપણી યુનિવર્સિટીની જાહેરાત આપવા વિચારણા કરવા બાબત.

(પરચેઝ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભારતીય વિચારમંચ, ગુજરાત દ્વારા ' ઉદીયમાન ભારત' અંતર્ગત પ્રકાશિત થનાર સ્મૃતિગ્રંથમાં રૂપિયા ત્રણ લાખની યુનિવર્સિટીની જાહેરાત આપવી.**

૧૧. **અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

**Sd/-**
**કુલસચિવ**

ક્રમાંકઃ એસ/BoM/કાર્યવાહી/ ૨૭૯૯ /૨૦૨૪
તા.૦૫–૦૨–૨૦૨૪

પ્રતિ,
**બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ.......**